**C.C. NO.   23302 / 2026**

**//આંક–૧ લગત હુકમ//**

આ કામે આરોપી ધી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૬(૧)(બી),૮૫(૧) હેઠળ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. પોલીસ પેપર્સ, ચાર્જશીટ અને પંચોના નિવેદન વંચાણે લેવામાં આવ્યા છે. તેમજ સંશોધીત કલમ ૮૫ ને રીફર કરવામાં આવેલ છે.

**કલમ ૮૫ મુજબનો ગુનો:**– જે કોઇ વ્યકિત, જેમાં લોકોને આવ–જા કરવાની છુટ હોય અથવા આવ–જા કરવા દેવામાં આવતી હોય તેવા કોઇ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનીક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઇ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઇપણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્રૂલીલ ચેનચાળા કરતા હોય, તેને દોષિત ઠર્યેથી, ત્રણ વર્ષ સુધીની, પરંતુ એક વર્ષથી ઓછી નહી તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.

કલમ ૮૫ માં જે શબ્દ લખવામાં આવ્યા છે. તે છે :– દારૂ પીને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઇ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઇપણ સ્ત્રી સાથે ગેરવર્તણુંક કરતો હોય અથવા અશ્રૂલીલ ચેનચાળા કરતો હોય તે જણાય છે.

કલમ ૮૫ ના આવશ્યક તત્વો જોતા આ પ્રતીત થાય છે કે જ્યારે આરોપી દારૂ પીને :– ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઇ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઇપણ સ્ત્રી સાથે ગેરવર્તણુંક કરતો હોય તો જ કલમ ૮૫ હેઠળ આરોપી સામે કાર્યવાહી ચાલી શકે છે.

આ કામે પોલીસ દ્રારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ તથા તે સાથેના તપાસના પેપર્સ, પંચનામું, સાહેદના નિવેદનો, મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ લોહીના નમુનાનું પ્રમાણપત્ર ધ્યાને લેતા આરોપીએ ગુનો કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે કલમ ૬૬(૧)(બી) હેઠળનો ગુનો કરવાનું જણાઇ આવે છે. જે ચાર્જશીટ, પોલીસ પેપર્સ, પંચોના નિવેદનને સત્ય માનવામાં આવે તો પણ આરોપી સામે કલમ ૮૫ ના આવશ્યક તત્વો ફલીત ન થવાનું આ અદાલતનો અભિપ્રાય છે.

જેથી આ કામના આરોપી વિરુધ્ધ પ્રોહી એક્ટની કલમ ૮૫ મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જ જણાઇ આવતો ન હોય આરોપી વિરુધ્ધ ૮૫(૧) ને બદલે પ્રોહી કલમ ૬૬(૧)(બી) મુજબ આગળની ઇન્સાફી કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૧૧/૦૭/૨૦૨૬
અમદાવાદ.

(એ.પી. કડીવાર)
એડી. સીવીલ જજ
અને જ્યુડી. મેજી.ફ.ક.,
અમદાવાદ(ગ્રામ્ય).
જજ કોડ જી.જે. ૦૧૫૫૪